C.C.NO.121-2026

| | |
|---|---|
| કેસ રજૂ તા. | : ૨૮/૦૧/૨૦૨૬ |
| દાખલ કર્યા તા. | : ૨૮/૦૧/૨૦૨૬ |
| હુકમ કર્યા તા. | : |
| સમયગાળો | : વર્ષ–માસ–દિવસ |
| | : – – |

---

## મે.એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ.પેટલાદ

---

**ક્રિ.કે.નં.121–2026**

**આંક :**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તહોમતદાર :– અબ્બાસઅલી શાબાસઅલી શેખ,
ઉ.વ.૫૪, રહે.શેરપુરા મલેકવાડા,
તા.પેટલાદ. જી.આણંદ.

**ગુનો:– પ્રોહી. એકટની કલમ:૬૫(એ)(એ), ૧૧૬(ખ) મુજબ.**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી મધુબેન એમ.ભુરીયા
આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી એન.એમ.મિર્ઝા

---

**:: ઠરાવ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે ગુનો દાખલ થયા બાદ ત.ક.અ.શ્રીએ તપાસના અંતે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવેલ સમય અને સ્થળે પોતાના કબજામાં ફરીયાદમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂ Green Label WISKY FOR SALE IN RAJASTHAN ONLY ૧૮૦ મીલી ની કંપની શીલબંધ કવાટરીયા જે કવાટરીયાની કિંમત રૂા.૧૦૦/– લેખે કુલ ૦૪ કવાટરીયાની કિંમત રૂ.૪૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈને ગુન્હો કરેલ હોવાની હકીકતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહી. એકટની કલમ:૬૫(એ)(એ), ૧૧૬(ખ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરતા હાલનો ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવા પ્રોસેસ ઈશ્યુ કરતા આરોપી હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામા આવેલ છે.

આરોપી સામે તહોમતનામુ ફરમાવ્યા બાદ તે અન્વયે નિવેદન નોંધતા, આરોપીએ તેમની સામેનાં હાલના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| | |
|---|---|
| આંક-૦૭ | પંચ સાહેદ નટુભાઈ પુનમભાઈ વ્યાસની જુબાની. |
| આંક-૦૯ | પંચ સાહેદ રમેશભાઈ નારણભાઈ પટેલ ની જુબાની. |
| આંક-૧૦ | ત.ક.અમલદાર મગનભાઈ બદાભાઈ વરસાત ની જુબાની. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| | |
|---|---|
| આંક-૮ | પંચનામું. |
| આંક-૧૧ | ફરીયાદ. |
| આંક-૧૨ | રવાનગી પત્રક. |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષ તર્ફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આ કામે વિ.એ.પી.પી.શ્રીની વિગતવાર દલીલો સાંભળી તેઓએ રજુઆત કરેલ છે કે, રજુ પુરાવાના આધારે ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે જેથી આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવી જોઈએ. આરોપીના વિ.વકીલશ્રીની મુખ્ય રજુઆત એવી છે કે, રજુ થયેલ પુરાવાને ધ્યાને લઈ આરોપીને ગુનાની સાથે જોડી શકાય નહી જેથી આરોપીને આ કામમાંથી નિર્દોષ મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે,આરોપીએ બનાવના દિવસે ફરીયાદ/ચાર્જશીટમાં જણાવેલ સમય અને સ્થળે પોતાના કબજામાં ભારતીય બનાવટના વિદેશી દારૂ Green Label WISKY FOR SALE IN RAJASTHAN ONLY ૧૮૦ મીલી ની કંપની શીલબંધ કવાટરીયા જે કવાટરીયાની કિંમત રૂા.૧૦૦/- લેખે કુલ ૦૪ કવાટરીયાની કિંમત રૂ.૪૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈને ગુન્હો કરેલ ગુજરાત પ્રોહી.એકટની કલમ:૬૫ (એ) (એ),૧૧૬(ખ) મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૨ :–     શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ પુરાવામાં રજુ થયેલ છે અને તેના પંચસાહેદને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓની સમગ્ર જુબાની ઘ્યાને લેતા તેઓએ પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓની જુબાનીથી ફરીયાદપક્ષ તરફે રજુ મુદ્દામાલ રીકવરી પંચનામુ પુરવાર થતુ નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ સિવાય અન્ય જે સાહેદ તપાસવામાં આવેલ છે તે સાહેદ પોલીસ કર્મચારી છે. તેઓએ પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ દારૂ કબજે કરેલાની હકીકત જણાવેલ છે, પણ આ કામે પંચનામાનાં જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. પંચસાહેદની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તીની કાર્યવાહી પુરવાર થતી નથી. હાથ ઉપરના કેસમાં પંચસાહેદે રેડની કાર્યવાહી અને મુદ્દામાલ કબજે કર્યાની હકીકતને સમર્થન કરેલ નથી ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા વ્યાજબી અને ન્યાયિક જણાતુ નથી.

આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં ૧**નો ચુકાદો ઘ્યાને લેવામા આવે તો, તેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન– જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે આરોપીને નીર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાથ પરના કેસમાં પણ પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. ફરીયાદ પક્ષ કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ, તે હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવા પાત્ર થાય છે.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલનાં કેસમાં મુખ્ય મહત્વનાં પંચસાહેદે ફરીયાદપક્ષનાં કેસને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ જયુરીશ્પ્રુડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૯) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચ્ચિત જણાતું હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ:૬૫(એ)(એ),૧૧૬(ખ) મુજબનાં ગુનામાંથી ક્રિ.પ્રો.કો.ક. ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો તથા ગેલન કે શીશી જો હોય તો તેનો પણ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી તરફે અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(એ.જે.રાણા)
એડી.ચીફ.જયુ.મેજી.
પેટલાદ
Code No.GJ00895

સ્ટેનો–વી.બી.રાઠોડ.